# ગુરુ પૂર્ણિમા : આજના ગુરુઓ પૂર્ણ બનશે?

સૌ શિક્ષકો નસીબદાર અને ગૌરવવંતાછે. કારણ કે, સમાજ-રાષ્ટ્ર દ્વારાતેમના માનમાં વર્ષમાં બે દિવસો વિશિષ્ટ રીતે ઉજવવામાં આવે છે. એક છે પાંચમી સપ્ટેમ્બરે શિક્ષકદિન અને બીજો દિવસ અષાઢી સુદ પૂનમે ગુરુપૂર્ણિમા. શિક્ષક સિવાયના બીજા કોઈપણ વ્યવસાયને આટલું પ્રાધાન્ય આપવામાં આવ્યું નથી. માટે જ સમાજ અને સરકારની અપેક્ષાઓ શિક્ષકો પાસે વિશેષ હોય તે સ્વાભાવિક છે. સમાજ અને સરકાર પહેલાં આપે છે, પછી માંગે છે. માટે જ સમાજની અપેક્ષાઓ સંતોષવી એ સૌ શિક્ષકોની નૈતિક ફરજ છે. શિક્ષકોને આટલો માનમોભો માત્ર ભારતમાં જ આપવામાં આવે છે તેવું નથી. વિશ્વમાં લગભગ બધા જ દેશોમાં શિક્ષકોને ટોચનું સ્થાન આપવામાં આવ્યું છે. પ્રાચીન ભારતથી આજ સુધી જ્ઞાન આપનાર ગુરુ કે શિક્ષણ આપનાર શિક્ષકને નવાજવામાં આવ્યા છે.

શિક્ષકના દરેક અક્ષરને આધરે તેનો અર્થ ઘટાવીએ તો..'શિ' એટલે શિષ્ટ-શ્રેષ્ઠ. 'ક્ષ' એટલે ક્ષમતા અને 'ક' એટલે કર્તા. આમ શ્રેષ્ઠ ક્ષમતાનો કર્તા તે શિક્ષક. ગુરુ એટલે જે લઘુ નથી તે અને જે લઘુને ગુરુ બનાવે છે તે. ગુરુ એટલે જંગમ વિશ્વકોષ. પ્રાચીન સમયમાં શિક્ષક શબ્દ નહોતો વપરાતો પરંતુ ગુરુ શબ્દનો ઉપયોગ વિશેષત: થતો. આજે પણ શિક્ષકને ગુરુ જ માનવામાં આવે છે. આ શિક્ષક કે ગુરુના મહત્ત્વ વિશે કેટલાક અવતરણો જોઈએ. ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ.......ગુરુગોવિંદ દોનો ખડે.....જેનાથી સૌ પરિચિત છે જ. આપણા અન્ય ભારતીય ચિંતકોના મત જાણીએ. જે.કૃષ્ણમૂર્તિના મતે શિક્ષકને પ્રાચીનકાળમાં ગુરુનું મહાપદ આપવામાં આવ્યું હતું તે જ પદ આજે પણ ચાલું રહેવું જોઈએ. રાધાકૃષ્ણને કહ્યું હતું કે,.રાષ્ટ્રના વિકાસમાં શિક્ષકોની ભૂમિકા ઘણી મહત્ત્વની છે, કારણ કે નાગરિકતા તેમજ વહીવટની વધતી જતી જવાબદારીઓ ઉપાડી શકે તેવી નવી પેઢીનો બધો આધાર તેમના પર છે. પ્રો.હુમાયુન કબીર... Without good teacher even the best system is bound to fail....with good teacher even the defects of the system can be largely overcome. આવા અનેક ભારતીય અવતરણો ટાંકી શકાય. વિદેશમાં પણ શિક્ષકો-ગુરુ નો મહિમા હતો જ. તેના કેટલાંક અવતરણો જોઈએ. એલેકઝાંડરના મતે I owe my birth to my father but life to my teacher. એચ.જી.વેલ્સ ના મતે The teacher is a real maker of history. ઈ.એ.પાયર્સ ના મતે If a nation's teachers are C3, the nation it self cannot but be C3, and let there be no doubt about this. if we wish to be an A1 nation, our teacher will have to be A1. રાયબર્નના મતે A dead teacher means a dead class. A live teacher means a live class. There is an atmosphere of sincerity in a class where the teacher is a live and enthusiastic. કાર્લાઈલે કહ્યું હતું કે, મારું માથું બે જ વ્યક્તિને નમે છે એક શિક્ષક અને બીજા ખેડૂતને.

ભારતીય અને પાશ્ચાત સમાજની શિક્ષક પાસેની અપેક્ષાઓ જાણીને આજના સૌ શિક્ષકે પોતાની જાત અને પોતાના કર્મને મૂલવવા જોઈએ. તેને આધારે પોતાની જાત અને કર્મમાં પરિવર્તન લાવીને પૂર્ણ ગુરુ કે શિક્ષક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્હોન ડ્યુઈના મતે શિક્ષકે ઉપદેશ ન આપવો જોઈએ અને બાળકો પર પોતાનાં આજ્ઞાઓ-હુકમો લાદવાં ન જોઈએ. શિક્ષકનું કાર્ય આયોજક, માર્ગદર્શક અને નિરીક્ષકનું છે. લેમ્બ

લખ્યું છે કે, શિક્ષકોએ વિદ્યાર્થીઓના મગજમાં માત્ર જ્ઞાન ભરી દેવાનું નથી પણ તેમનામાં સાહસ, સૌજન્ય, શિષ્ટતા અને સહકારના ગુણો પણ વિકસાવવાના છે.

ભારતીય ચિંતકોએ શિક્ષકો પાસે રાખેલી અપેક્ષાઓ વાંચીને અમલમાં મૂકવી જ જોઇએ. કવિ કાલિદાસે નોંધ્યું છે કે, જે શિક્ષકનું જ્ઞાન માત્ર નોકરી પૂરતું મર્યાદિત છે તેને જ્ઞાનની દુકાન પર જ્ઞાન વેચનાર વેપારી કહેવો જોઇએ. જે.કૃષ્ણમૂર્તિ કહેતાં કે, શિક્ષકનું કામ સેવાનું છે. બાળકમાં રહેલી નૈસર્ગિક શક્તિને શોધી એ પ્રફુલ્લે અને પાંગરે એવું તેને માર્ગદર્શન આપવું, તેના જીવન રસને સર્વોપરી સ્થાન આપવું અને પોતાની જાતને ઓળખવામાં મદદરૂપ થવું, આ જાતની સેવા કરી શકે તે જ સાચો શિક્ષક. તો વળી વિવેકાનંદના મતે શિક્ષકે વિદ્યાર્થીના ભણતરમાં કે વ્યવહારમાં થતી ભૂલોનો આશરો લઇ, તેને હતોત્સાહ કરી ઠપકો આપવાનો નથી, પણ બાળકની અંતર્ભૂત શક્તિથી તેને સભાન કરવાનો છે. ટાગોરની અપેક્ષા હતી કે, શિક્ષકે નિ:ષ્પ્રાણ વિષયવસ્તુથી પોતાના મનને ભરીને પોતાનો વિકાસ અટકાવી ન દેતાં સતત અધ્યયનશીલ રહેવું જોઇએ. શ્રી અરવિંદે શિક્ષકને સલાહ આપી હતી કે, ક્યારેય આપખુદ, અન્યાયી, નિરંકુશ, સ્વચ્છંદી, અસહિષ્ણુ અને તુંડમિજાજી ન બનો. ગાંધીજીના મતે આચાર્ય કે શિક્ષકો ચોપડીઓનાં પાનાઓમાંથી વિદ્યાર્થીને ચારિત્ર્ય નહિ આપી શકે, ચારિત્ર્યનું ઘડતર તો આચાર્ય અને શિક્ષકોના જીવનમાંથી આવી શકે. પાંડુરંગ આઠવલેના મતે આજના શિક્ષકો પર કશી જવાબદારી નથી, અભ્યાસક્રમ ભણાવ્યો કે કામ પત્યું. આજે શિક્ષક થવું અતિ સહેલું છે. આજે સમાજે શિક્ષકોને બહુ મોટી છૂટ આપી દીધી છે. તેઓ ઘણી જવાબદારીમાંથી મુક્ત છે. અભ્યાસક્રમ પૂર્ણ કર્યો કે પતી ગયું.

આજના  શિક્ષકોને જેટલું મળે છે તેટલું તે આપે છે? જો આમ જ હજું પણ ચાલશે તો ? શિક્ષકનો વ્યવસાય માત્ર રોજીરોટી મેળવવાનું માધ્યમ નથી, તેથી ઘણું ઘણું વિશેષ છે. સમાજે તો શિક્ષકને ઘણું મહત્ત્વ આપ્યું છે, પણ  તે મહત્ત્વને લાયક ઠેરવવા માટે શિક્ષકોના પ્રયત્નો કેટલા? હજુ કેટલાક વર્ષો પૂર્વે શિક્ષકો સમાજમાં નેતૃત્ત્વ પૂરું પાડતાં. ગામના મુખી કે સરપંચ કરતાં પણ વધારે માન-મોભો શિક્ષકનો હતો. પણ આજે શું? કેમ આમ બન્યું? શિક્ષકનું કાર્ય માત્ર વર્ગખંડમાં ભણાવવાનું જ નથી. તેણી ફરજ વિદ્યાર્થી, વાલી, સમાજ,રાષ્ટ્ર પ્રત્યેની પણ છે. આ ફરજ આજના શિક્ષકો-ગુરુઓ નથી બજાવતા, પણ સરકારે જે કામ માટે નિમણૂંક કરી છે તે વર્ગખંડકાર્ય અંગેની ફરજો પૂર્ણ રીતે અને પૂર્ણ સમય માટે બજાવાય છે? આજના શિક્ષકોમાં નોલેજ વધ્યું છે, પણ નોર્મસનું શું? આજના ગુરુઓ શિક્ષણને સાઇડ બિઝનેશ ગણીને અન્ય ધંધામાં વધારે સમય આપે છે. તેને સમજા ક્યાં સુધી સહન કરશે? શિક્ષણનો વ્યવસાય માત્ર છ કલાકનો જ નથી, સોળ કલાકનો છે. બાકીના આઠ કલાક જમવાના અને આરામ કરવાના. શિક્ષકનું કામ માત્ર માહિતી કે અક્ષરજ્ઞાન આપવાનું જ નથી. તે કામ તો ટયુશન ક્લાસીસવાળા પણ કરાવે છે. ટયુશન કરાવે તે ટયુટર કહેવાય. શિક્ષક/ગુરુ નહીં. જે શિક્ષક પાંચ વિદ્યાર્થી માટે પણ રોલ મૉડૅલ ન બની શક્યો હોય તો, તેણે પગાર શીખવવાનો નથી લીધો, માત્ર શાળા-કોલેજ પર જવા આવવાનો લીધો છે. પૂર્ણ ચંદ્ર જેમ શોભાયમાન હોય છે, તેમ પૂર્ણ શિક્ષક-ગુરુ પણ શોભાયમાન હોય છે. બીજનો ચંદ્ર બનવું કે પૂનમનો તે સૌ શિક્ષકોએ જાતે જ નકકી કરવાનું છે. ટીચર કભી ચીટર નહીં હોતા તે સૂત્રને સૌ સાર્થક બનાવે. ગુરુપૂર્ણિમાના દિવસે સૌ શિક્ષકો-ગુરુઓ પૂર્ણ શિક્ષક-ગુરુ બનવાનો સંકલ્પ કરે. પછી જૂઓ ગુરુપૂર્ણિમાનો વટ. તો ગુરુ હો જા શુરુ.